નિવૃત ન્યાયાધિશોને માસિક રૂ૧૨૫૦/–ડોમેસ્ટીક હેલ્પ એલાઉન્સ ચૂકવવા બાબત.

હિસાબ અને તિજોરી નિયામકની કચેરી
ગુજરાત રાજય,'વીમા અને લેખા ભવન',
બ્લોક નં.૧૭, ડૉ..જીવરાજ મહેતા ભવન સંકુલ, ગાંધીનગર.
પરિપત્ર ક્રમાંકઃ– હિતિનિ/ટીસી/ફા.૧૩૪/જયુડી–ઓફી/૫૭૮૩–૫૮૧૦
તારીખઃ ૮/૯/૨૦૦૮

પરિપત્રક્રમાંકઃ ૧૭ / ૨૦૦૮

આથી તમામ શ્રેયાન/જિલ્લા તિજોરી અધિકરીઓને જણાવવાનું કે કાયદા વિભાગના તા.૭/૩/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક PAY-1233-D (P.file) ની જોગવાઈ અન્વયે નિવૃત જયુડીશીયલ ઓફીસરશ્રીઓને ડોમેસ્ટીક હેલ્પ એલાઉન્સ ચૂકવવાનું નિયત થયેલ છે

- કાયદા વિભાગે તેઓના તા. ૨૪/૭/૨૦૦૮ ના પત્ર ક્રમાંક–પશન/૧૦૨૦૦૮/મુ.મ.ક–૪૦/ડી.થી સ્પષ્ટતા કરેલ છે કે,"કોઈપણ નિવૃત જજશ્રી કયાં રહે છે? તે ધ્યાને લીધા સિવાય તેઓશ્રી દ્વારા કાયદા વિભાગના ઉકત ઠરાવ સાથે આપેલ નમુનામાં સર્ટીફીકેટ રજુ કરતાં, તેઓને ડોમેસ્ટીક હેલ્પ એલાઉન્સ ચૂકવવાનું થાય છે".(નકલ સામેલ છે)
- ઉકત બાબતે જણાવવાનું કે તિજોરી કચેરી ખાતેથી પેન્શન મેળવતા નિવૃત જયુડીશીયલ ઓફીસરશ્રી ઠરાવની જોગવાઈથી નિયત થયેલ પ્રમાણપત્ર રજુ કરે તો તેઓને ડોમેસ્ટીક હેલ્પ એલાઉન્સ ચૂકવવા અંગે નિયમોનુસારની ઘટતી કાર્યવાહી હાથ ધરશો.

આપની કચેરી ખાતે પડતર અરજીઓનો પણ આ બાબત ધ્યાને લઈ સત્વરે નિકાલ કરશો.

નિયામક 8/9/08

પ્રતિ,
૧.શ્રેયાન/જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિલ્લા તિજોરી કચેરી ————
૨.તિજોરી અધિકારીશ્રી પેન્શન ચૂકવણાં કચેરી, અમદાવાદ
૩.નિધિ નિરીક્ષણ અધિકારીશ્રી, હિસાબ અને તિજોરી નિયામકની કચેરી ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના પ્રતિ,</u>
ઉપસચિવશ્રી (ડી.શાખા)
કાયદા વિભાગ,સચિવાલય ગાંધીનગર તરફ જાણ સારૂ.

ક્રમાંક: પશન/૧૦૨૦૦૮/મુમક-૪૦/ડી.

કાયદા વિભાગ,
૪, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-

હિસાબી અને તિજોરી નિયામકની કચેરી
-1 AUG 2008
ઇનવર્ડ નં.............

24 JUL 2008

પ્રતિ,

નાયબ નિયામકશ્રી (તિજોરી નિયંત્રણ)
હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી,
વિમા લેખા ભવન, બ્લોક નં.૧૭,
ડો. જીવરાજ મહેતા ભવન, સેકટર-૧૦/બી,
**ગાંધીનગર.**

વિષય :- નિવૃત્ત જયુડીશીયલ અધિકારીશ્રીઓને ડોમેસ્ટીક હેલ્થ એલાઉન્સ ચુકવવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુકત વિષય પરત્વેના આપના તા:૪/૯/૨૦૦૬, તા:૧૭/૩/૨૦૦૭, તા:૪/૪/૨૦૦૭, તા:૨૦/૧૦/૨૦૦૭ તથા આ અન્વયેના નિયામકશ્રીના તા:૨૦/૫/૨૦૦૮ ના પત્રના અનુસંધાને વિભાગનો તા:૬/૩/૨૦૦૬ નો ઠરાવ ક્રમાંક: પીએવાય/૧૦૨૦૦૦/૧૨૩૩/ડી(પાર્ટ ફાઇલ) સ્વયં સ્પષ્ટ છે. જેની નકલ આપને આ સાથે મોકલાવેલ છે.

આ બાબતે સ્પષ્ટતા કરતાં જણાવવાનું કે, કોઇપણ નિવૃત્ત જજશ્રી કયાં રહે છે તે ધ્યાને લીધા વિના તેના દ્વારા વિભાગના ઉપર્યુકત ઠરાવ સાથે આપેલ નમુનામાં સર્ટીફીકેટ રજુ કરતાં તેઓને ડોમેસ્ટીક હેલ્થ એલાઉન્સ ચુકવવાનું થાય.

આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર તા:૧૧/૭/૨૦૦૮ ની નોંધથી આ પ્રમાણે સ્પષ્ટતા [illegible] છે. આ સ્પષ્ટતા અન્વયે તમામ તિજોરી અધિકારીઓને સૂચના આપવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

( એમ. આઇ. રામી )
સરકારના ઉપસચિવ,
કાયદા વિભાગ.

**નકલ રવાના :-**

- માનનીય મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્રસચિવશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, બ્લોક નં.૧, ૫ મો માળ, સચિવાલય, ગાંધીનગર તરફ તેઓના તા:૧૨/૫/૦૮ ના પત્ર ક્રમાંક: મુમક/ડી/૧૭૩૧ અન્વયે કરેલ કાર્યવાહીની નોંધ લેવા વિનંતી સહ.
- મુખ્ય સચિવશ્રી, બ્લોક નં.૧, ૩જો માળ, સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રાર જનરલ, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવીડંટ ફંડ, ડો. જીવરાજ મહેતા ભવન, સેકટર-૧૦/બી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારી, નડીયાદ, ખેડા જિલ્લો.
- **Shri Upendra J.Pandya,Esq. 8833 M.Washington Street, Unit F Niles,IL 60714.**
- ઉપસચિવશ્રી(સંકલન) કાયદા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. તરફ મુખ્યમંત્રી સંદર્ભ અન્વયે કરેલ કાર્યવાહીની નોંધ લેવા વિનંતી સહ.
- સેકશન અધિકારીશ્રી(સંકલન શાખા) કાયદા વિભાગ સચિવાલય, ગાંધીનગર. તરફ મુખ્યમંત્રી સંદર્ભ અન્વયે કરેલ કાર્યવાહીની નોંધ લેવા વિનંતી સહ.